જન્મદિને વધામણી

પ્રતીક આર વઘાસીયા
(૨૦-૮-૧૯૯૩) મો. ૯૦૯૯૨ ૯૭૭૦૬

ગેબાભાઈ કે પટેલ
નિવૃત્ત તલાટી
(૨૦-૮-૧૯૪૬) મો. ૯૯૦૪૭ ૮૦૩૪૭

દિલીપસિંહ જે રાજપૂત
ખજાનચી, સહયોગ મંડળ
(૨૦-૮-૧૯૫૪)

એસ જી ઇંગ્લિશ મીડિયમ પ્રાથમિક સ્કૂલમાં વીજળી બચાવો કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૯

કડી સર્વ વિદ્યાલય, ગાંધીનગર સંચાલિત ઍસ જી ઇંગ્લિશ મીડિયમ પ્રાથમિક શાળામાં આજે ધોરણ પાંચથી ૮ના વિદ્યાર્થીઓ માટે 'વીજળી બચાવો' કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં દરેક ધોરણ માટે અલગ અલગ પ્રવૃત્તિ કરવામાં આવી હતી.

ધોરણ-૫, ૬ના વિદ્યાર્થીઓ દ્વારા 'સેવ ઍનર્જી' વિષયે જૂથચર્ચા યોજાઈ હતી. ધોરણ-૭ના વિદ્યાર્થીઓને આ વિષયનું પ્રાયોગિક જ્ઞાન મળે તે હેતુસર તેમને સાયન્સ સિટીની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા. ધોરણ-૮ના વિદ્યાર્થીઓએ વિષયની વિશદ્ સમજ માટે પોસ્ટર્સ તૈયાર કર્યાં હતાં તેમજ સૂત્રો લખ્યાં હતાં. ધોરણ-૮ના દરેક વર્ગમાંથી એક શ્રેષ્ઠ વિદ્યાર્થીને વિજેતાક્રમ આપવામાં આવ્યો હતો.

ઈમેજિની ઍક્ટિવિટી સૅન્ટર દ્વારા સ્વતંત્રતા પર્વની અનોખી ઉજવણી

BEST DRESS
WELL DONE
imagenie

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર ઈન્ફોસિટી ક્લબ ખાતે ઈમેજિની ઍક્ટિવિટી સૅન્ટર દ્વારા સ્વતંત્રતા પર્વની ઉજવણી ઉલ્લાસપૂર્ણ રીતે કરવામાં આવી હતી. બાળકોએ આર્ટ વર્કશૉપ અંતર્ગત સુંદર માસ્ક તૈયાર કર્યાં હતાં અને કીડ્સ શો તથા ડાન્સ કૉમ્પીટીશનના માધ્યમથી પોતાની ટૅલેન્ટ રજૂ કરી હતી.

ગાંધીનગર ખાતે સૌપ્રથમ જ શરૂ થયેલા આ ઍક્ટિવિટી સૅન્ટરના માધ્યમથી બાળકો એક જ છત નીચે વિવિધ સર્જનાત્મક પ્રવૃત્તિઓ કરી શકે છે.

ઈમેજિની ઍક્ટિવિટી સૅન્ટરમાં બાળકો માટે આર્ટ ઍન્ડ ક્રાફ્ટ, વિવિધ પ્રકારના ડાન્સ, ઇંગ્લિશન સ્પીકીંગ, પર્સનાલિટી ડેવલપમૅન્ટ અને બાળકોના સર્વાંગી વિકાસ માટે વિવિધ વિષયોના તજ્જ્ઞો દ્વારા સંબંધિત વિષયોના વર્કશૉપ્સનું આયોજન પણ થઈ રહ્યું છે.

આ અંગેની વધુ માહિતી માટે સૅન્ટરના ફેસબૂક પેજ www.facebook.com/imagenieની મુલાકાત લેવા અથવા મોબાઈલ નંબર ૯૯૭૮૯ ૮૮૪૨૮ પર સંપર્ક કરવા આ અંગેની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

ઉદ્‌ગમ ચૅરીટેબલ ટ્રસ્ટ દ્વારા આંતરરાષ્ટ્રીય યુવા દિન ઉજવાયો

ગાંધીનગર શહેરને સ્વચ્છ બનાવવાનો સંકલ્પ લેવાયો

ગાંધીનગર, તા. ૧૯

ઉદ્‌ગમ ચૅરીટેબલ ટ્રસ્ટ દ્વારા આંતરરાષ્ટ્રીય યુવા દિવસના ઉપક્રમે શ્રી અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજ રાષ્ટ્રીય સેવા યોજના વિભાગના સહયોગથી 'ગાંધીનગરને સ્વચ્છ રાખવામાં યુવાનોની ભાગીદારી' વિષયે વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

સ્વચ્છ શહેરો અંગે તાજેતરમાં થયેલા સર્વેમાં ગાંધીનગર ૩૧૦મા ક્રમે આવે છે, જે ચિંતાનો વિષય છે. હરિયાળું પાટનગર ગાંધીનગર સ્વચ્છતામાં પાછળ કેમ ? એ બાબતની ચિંતા કરતાં ઉદ્‌ગમ દ્વારા આ આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે યુનાઈટેડ નેશન્સના આરોગ્ય અને પર્યાવરણ સલાહકાર ડૉ. જગદીશભાઈ બારોટ, ગાંધીનગર જિલ્લા પંચાયતનાં પ્રમુખ હિનાબેન પટેલ, ઉદ્‌ગમ ટ્રસ્ટના ધ્રુવ જોષી અને ઉદ્‌ગમ મહિલા વિંગનાં માનદ નિયામક તથા અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમનાં ડિરેક્ટર પરમજીત છાબડા ઉપસ્થિત રહ્યા હતા.

રાષ્ટ્રીય સેવા યોજનાના સંયોજક ડૉ. રણછોડ રથવીએ કાર્યક્રમનું મહત્ત્વ સમજાવતાં સ્વાગત પ્રવચન કર્યું હતું.

ડૉ. જગદીશભાઈ બારોટે જણાવ્યું હતું કે યુવાનની ઓળખ શિસ્ત, ચારિત્ર્ય અને જ્ઞાન છે. જો દરેક વ્યક્તિ પોતે ગંદકી ન કરે અને બીજાને ગંદકી ન કરવા સમજાવે તો સ્વચ્છતા કોઈ ગંભીર બાબત નથી.

ઉદ્‌ગમના મૅનેજિંગ ટ્રસ્ટી ડૉ. મયુર જોષીએ આભારદર્શન વેળા ગાંધીનગર શહેરને સ્વચ્છ બનાવવાની પ્રતિબધ્ધતા વ્યક્ત કરી હતી.

ગૃહવિજ્ઞાન પ્રવાહની વિદ્યાર્થીઓની અક્ષયપાત્રની અભ્યાસ મુલાકાત

વિદ્યાર્થીનીઓએ હોમ ટાઉનની મુલાકાત પણ લીધી

ગાંધીનગર, તા. ૧૯

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજના બીએ હોમ સાયન્સના ફૂડ ઍન્ડ ન્યુટ્રિશન વિષય અંતર્ગત વિદ્યાર્થીનીઓએ અમદાવાદ ભાડજ ગામ સ્થિત અક્ષયપાત્ર ફાઉન્ડેશનની મુલાકાત લીધી હતી અને ફૂડ પ્રૉસેસીંગ, કૂકીંગ, પૅકેજિંગ તેમજ બેકરી યુનિટ વિશે વિશદ્ માહિતી પ્રાપ્ત કરી હતી.

હાઉસીંગ ઍન્ડ સ્પેસ ડિઝાઈનીંગ વિષય અંતર્ગત આ વિદ્યાર્થીનીઓએ અમદાવાદ સ્થિત ફર્નિચર અને હોમ ઍસેસરીઝના શો રૂમ હોમ ટાઉનની મુલાકાત લીધી હતી.

બંને ફિલ્ડ વિઝિટ વિદ્યાર્થીનીઓ માટે જ્ઞાનસભર રહી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન પ્રિન્સીપાલ ડૉ. ઉર્મિલાબેનના માર્ગદર્શનમાં હોમ સાયન્સ વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું.

ઑલ ઈન્ડિયા રેડિયો (ઍફઍમ) હિંમતનગરથી પ્રસારિત કેન્દ્ર સરકારની નવી યોજનાઓ આધારિત રેડિયો નાટકની શ્રેણી 'નવી વાત નવી સરકાર'માં પિયજ પ્રાથમિક શાળાનાં બે વિદ્યાર્થીઓ જય મહેશભાઈ પ્રજાપતિ અને અંકિતા સુરેશભાઈ રાવળે સિનિયર નાટ્યકાર અર્ચન ત્રિવેદી અને શાળાના પ્રિન્સીપાલ મેહુલ કવિ સાથે આકાશવાણી કેન્દ્ર નિયામક તરુણ શુક્લના માર્ગદર્શન હેઠળ કાર્ય કર્યું હતું. બંને વિદ્યાર્થીઓને શાળા પરિવાર તથા ગ્રામજનો તરફથી બિરદાવવામાં આવ્યા હતા.

મારો મત

'ગાંધીનગર સમાચાર' આગામી સપ્તાહથી 'મારો મત' નામે વાચકોનો એક વિભાગ શરૂ કરે છે, જેમાં અખબાર દ્વારા આપવામાં આવેલા વિષય પરત્વે વાચકો પોતાના વિચાર રજૂ કરી શકશે.

કૃપયા નોંધ લેશો :

- આ વિભાગમાં સ્થાન માટે પોતાના વિચાર ૫૦ શબ્દોની મર્યાદામાં મોકલવાના રહેશે. વાચક ઈચ્છે તો સાથે પોતાનો પાસપૉર્ટ સાઈઝનો ફોટોગ્રાફ સાથે મોકલી શકે છે.
- આગામી શનિવાર, તા. ૨૨-૮-૨૦૧૫ સુધીમાં આ લખાણ હાર્ડ કૉપીમાં 'ગાંધીનગર સમાચાર' કાર્યાલયને મળી જાય તે રીતે મોકલી આપવાનું રહેશે. એ પછી આવેલાં લખાણો ધ્યાને લેવામાં આવશે નહીં.

આ સપ્તાહનો વિષય :

અનામત - સામાજિક સ્તરના આધારે હોવું જોઈએ કે આર્થિક સ્તરના આધારે ?

આર જી પટેલ કન્યા વિદ્યાલય દ્વારા સ્વતંત્રતા પર્વની ઉજવણી

ગાંધીનગર, તા. ૧૯

શ્રીમતી આર જી પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી ઍસ બી પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા, સૅક્ટર-૨૩ દ્વારા સ્વતંત્રતા પર્વની ઉજવણી ઉલ્લાસપૂર્ણ રીતે કરવામાં આવી હતી.

ધ્વજવંદન બાદ બાલમંદિરના કો-ઓર્ડિનેટર કિરણબેન પટેલે વિદ્યાર્થીઓને ઉદ્‌બોધન કર્યું હતું. ત્યારબાદ વિદ્યાર્થીઓ દ્વારા ગીત-સંગીત-નૃત્યથી સભર સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસ્તુત કરવામાં આવ્યો હતો.

ઉલ્લેખનીય છે કે સ્વાતંત્ર્ય દિવસ નિમિત્તે રાજભવન ખાતે આયોજિત ધ્વજવંદન કાર્યક્રમમાં શાળાની ૨૦ વિદ્યાર્થીનીઓએ હાજરી આપી હતી, જેમની સાથે આર જી કન્યા શાળાનાં આચાર્યા સુધાબેન પટેલ, સુપરવાઈઝર દિલહરબા ચુડાસમા તેમજ માધ્યમિક વિભાગનાં શિક્ષિકા નંદાબેન ઉપસ્થિત રહ્યાં હતાં.

જીઍસઍફસી દ્વારા સ્વાતંત્ર્યદિન ઉજવાયો

ગાંધીનગર, તા. ૧૯

ગુજરાત સ્ટેટ ફર્ટીલાઈઝર ઍન્ડ કૅમિકલ્સ લિમિટેડ દ્વારા ફર્ટીલાઈઝર ટાઉનશીપમાં સ્થિત પૅવેલિયન ગ્રાઉન્ડ ખાતે સ્વતંત્રતા દિવસની ઉજવણી કરવામાં આવી હતી, જ્યાં કંપનીના ચૅરમેન અને મૅનેજિંગ ડિરેક્ટર ડૉ. ઍસ કે નંદાએ કંપનીની સિક્યુરિટી, ફાયર અને ઍનસીસી પ્લાટૂન્સની ઉપસ્થિતિમાં રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો હતો. ડૉ. નંદાએ પોતાના વક્તવ્યમાં વિદેશી શાસકો પાસેથી રાષ્ટ્રને મુક્ત કરવામાં બલિદાન આપનારા શહીદોને હાર્દિક શ્રદ્ધાંજલિ આપી અને નાગરિકોને દેશના વિકાસ તથા શાંતિ માટે સખ્ત અને સતત પરિશ્રમ કરવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે તેમણે કંપનીના સમગ્ર વિકાસ માટે સતત પ્રયત્નશીલ જીઍસઍફસીને અભિનંદન પાઠવ્યા હતા. ફર્ટીલાઈઝરનગર સ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા આ પ્રસંગે સાંસ્કૃતિક કાર્યક્રમો પ્રસ્તુત કરવામાં આવ્યો હતો. ત્યારબાદ જીઍસઍફસી ટાઉનશીપમાં નવનિર્મિત કલાસાધના કેન્દ્રનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.

મનોરંજન

સિનેમૅક્સ

સ્ક્રીન-૧
બ્રધર્સ
સવારે ૮.૦૦, ૧૧.૦૦, ૨.૨૦, ૫.૪૦, ૯.૦૦

સ્ક્રીન-૨
બ્રધર્સ
સવારે ૯.૦૦, ૧૨.૦૦, ૩.૨૦, ૬.૪૦, ૧૦.૦૦

સ્ક્રીન-૩
બ્રધર્સ
સવારે ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૫, ૭.૩૦, ૧૦.૪૫

સ્ક્રીન-૪
મિશન ઈમ્પોસિબલ (હિન્દી)
સવારે ૧૦.૧૫, ૪.૧૦
બજરંગી ભાઈજાન
૧.૦૦
બાહુબલિ
૬.૫૫
દૃશ્યમ
૧૦.૧૫

સિટી પલ્સ

સ્ક્રીન-૧
બ્રધર્સ
૩.૦૦, ૬.૩૦, ૯.૪૫

સ્ક્રીન-૨
બ્રધર્સ
૧૨.૪૫, ૪.૦૦, ૧૦.૧૫
દૃશ્યમ
૭.૦૦

સ્ક્રીન-૩
મિશન ઈમ્પોસીબલ (હિન્દી)
૫.૧૫
મિનશ ઈમ્પોસીબલ (અંગ્રેજી)
૭.૪૫
બ્રધર્સ
સવારે ૧૧.૦૦, ૨.૦૦

સ્ક્રીન-૪
દૃશ્યમ
૧.૦૦
બજરંગી ભાઈજાન
૪.૪૫
ગૌર હરી દાસ્તાન
૭.૩૦
બાહુબલિ
૯.૪૫

સ્ક્રીન-૫
બ્રધર્સ
સવારે ૧૦.૦૦
દૃશ્યમ
૪.૦૦, ૧૦.૦૦

પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ ખાતે ગુજરાતી વિષયે વ્યાખ્યાન

ભાષાના વ્યાકરણ વિશે ચર્ચા-વિચારણા થઈ

ગાંધીનગર, તા. ૧૯

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજના ગુજરાતી વિભાગ દ્વારા 'અપભ્રંશથી ગુજરાતી ભાષાની વિકાસરેખા' વિષયે વ્યાખ્યાન યોજાયું હતું, જેના તજ્જ્ઞ તરીકે ત્રિકમભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

સંસ્કૃત ભાષા અને ગુજરાતી ભાષાના વ્યાકરણ, અનુગ, સંજ્ઞા, વિશેષણ, ક્રિયાવિશેષણ, વિકારી-અવિકારી વગેરે મુદ્દા પર ઉદાહરણ સહિત ચર્ચા કરી હતી.

વ્યાખ્યાનના આરંભે વિદ્યાર્થીની સંગીતા અને વૈશાલી દ્વારા પ્રાર્થના કરવામાં આવી હતી. ત્રિકમભાઈનું શાબ્દિક સ્વાગત પ્રિન્સીપાલ ડૉ. ઊર્મિલાબેને કર્યું હતું, આભારદર્શન મનસુરી નાસીમે કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન ગુજરાતી વિભાગના અધ્યાપકો દ્વારા કરવામાં આવ્યું હતું.

જીએસીઍલ દ્વારા સ્વાતંત્ર્યદિન ઉજવાયો

ગાંધીનગર, તા. ૧૯

ગુજરાત આલ્કાલીઝ ઍન્ડ કૅમિકલ્સ લિમિટેડ દ્વારા વડોદરા પરિસરમાં સ્વતંત્રતા પર્વની ઉજવણી કરવામાં આવી હતી, જ્યાં કંપનીના મૅનેજિંગ ડિરેક્ટર એ ઍમ તિવારીના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું.

પોતાના વક્તવ્યમાં તેમણે જીએસીઍલ ટીમને કોસ્ટિક સોડા ઉત્પાદન ઉદ્યોગમાં સૌથી વધુ ઉત્પાદન મેળવનાર કંપનીનું સ્થાન અપાવીને દેશના આર્થિક વિકાસને વેગવાન બનાવવા માટેની મહત્ત્વપૂર્ણ ભૂમિકા અદા કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

વ્યક્તિ સુધરે તો ઘર સુધરે અને ઘર સુધરે તો સમાજ પણ સુધરે

સૅન્ટ ઝેવિયર્સ સ્કૂલ ખાતે સ્વતંત્રતા દિનની ઉજવણી

ગાંધીનગર, તા. ૧૯

સૅન્ટ ઝેવિયર્સ સ્કૂલ, ગાંધીનગર ખાતે ૬૯મા સ્વતંત્રતા દિનની ઉજવણી ઉલ્લાસપૂર્ણ રીતે કરવામાં આવી હતી. સ્કૂલમાં શિક્ષક તરીકે પચીસ વર્ષ સેવા આપ્યા બાદ નિવૃત્ત થનારાં શિક્ષિકા નયનાબેન દેસાઈએ રાષ્ટ્રધ્વજ લહેરાવી સલામી આપી હતી.

આ પ્રસંગે સૅક્ટર-૮ ચર્ચના આર્ચબિશપ શ્રી ફર્નાન્ડીઝ, સ્કૂલના પ્રિન્સીપાલ ફાધર હૅક્ટર તથા વાઈસ પ્રિન્સીપાલ સિસ્ટર જોસૅફિન ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિ ગીતોનું ગાન કરવામાં આવ્યું હતું, સમગ્ર કાર્યક્રમનું સંચાલન શિક્ષક અનિતાબેન દ્વારા કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ઉદ્‌બોધન આપતાં નયનાબેન દેસાઈએ વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે આઝાદી તો વૃદ્ધાવસ્થામાં આવી ગઈ છે, પરંતુ આપણાં વાણી-વર્તન હજુ બાલ્યાવસ્થામાં જ છે. આ વાણી-વર્તન એટલે વિવેક. આજે આપણો વિવેક ભયપ્રેરિત અથવા શિક્ષાને આધિન થઈ ગયો છે. બાળકો એ વડીલોનું અનુકરણ કરે છે, તેથી વડીલોએ બાળકોમાં વિવેકબુદ્ધિનું આરોપણ કરતાં પહેલાં પોતાનું વર્તન સુધારવું પડશે. મારા એકના કરવાથી શું ફરક પડશે ? એ માનસિકતામાંથી આપણે બહાર આવવું પડશે. વ્યક્તિ સુધરે તો ઘર સુધરે, ઘર સુધરે તો સમાજ અને સમાજ સુધરે તો દેશ સુધરે. સ્વયંશિસ્તથી તમે નિર્ભિક રીતે જીવી શકશો તેમજ તમારા આત્મવિશ્વાસમાં પણ વધારો થશે એવી શીખ તેમણે વિદ્યાર્થીઓને આપી હતી.

યુજીસી અને સંશોધન પ્રક્રિયા

સંશોધનના ઉત્તેજનનો અવળો અર્થ ચોરીચપાટી પણ થયો છે; અહીંથી-તહીંથી ભેગું કરીને બે-પાંચ મિનિટ આમતેમ બકી આવ્યા એટલે સંશોધનપત્ર રજૂ થઈ ગયું ને પ્રમાણપત્ર પણ મળી ગયું !

UNITY WOMEN'S COLLEGE

પ્રતીકાત્મક તસવીર

કૅમ્પસ
દ્વનિલ પારેખ

માનવ સંસાધન વિકાસ મંત્રાલયના મંત્રી તરીકે કપિલ સિબ્બલ હતા ત્યારે એમણે યુજીસી અને દેશની શિક્ષણપ્રણાલિમાં ધરખમ ફેરફારો કર્યા હતા. આજની સમજી ન શકાય અને વિદ્યાજગતમાં પણ જેનાથી ખાસ કશો લાભ ન થયો એવી સૅમેસ્ટર સિસ્ટમ એ સિબ્બલ સાહેબની દેણ છે. વિદ્યાર્થીઓના અભ્યાસ પધ્ધતિમાં આ ધરખમ ફેરફાર થયો અને અભ્યાસ માત્ર પરીક્ષા પૂરતો સીમિત થઈ ગયો. સિબ્બલ સાહેબે યુજીસી મારફત જે એક નવો આયામ શરૂ કરવાનો પ્રયત્ન કર્યો તે એપીઆઈ. અધ્યાપકોનો વાર્ષિક મૂલ્યાંકનપત્ર. આ દાખલ કરવા પાછળનો હેતુ ઉમદા હતો. અધ્યાપકો ભણાવવા ઉપરાંત સંશોધનના ક્ષેત્રે અને અન્ય પ્રવૃત્તિઓના સંદર્ભે પણ સક્રિય બને એવો આશય એની પાછળ હતો.

આ એપીઆઈ (ઍકેડૅમિક પરફોર્મન્સ ઈન્ડિકેટર્સ)ને કારણે સંશોધનના બજારમાં જબળો ઉછાળ આવ્યો. અનેક અધ્યાપકો સંશોધકો બની ગયા. બિલાડીના ટોપની જેમ સંશોધકો ફૂટી નીકળ્યા. આંતરરાષ્ટ્રીય, રાષ્ટ્રીય અને રાજ્યસ્તરના પરિસંવાદોનો રાફટો ફાટી નીકળ્યો. આ બધું એટલા માટે થયું કે અધ્યાપકો પરિસંવાદમાં ભાગ લે, સંશોધનપત્ર રજૂ કરે અને પરિસંવાદના સ્તર મુજબ ગુણાંકન (એપીઆઈ) મેળવે. હવે, આ હેતુ સર થતો હોય તો વિદ્યાજગતમાં એનાથી વધારે રૂડું શું ? પણ પરિસંવાદો મેળાવડામાં ફેરવાતા ગયા અને સંશોધનપત્રની રજૂઆત મશ્કરી બની ગઈ. માનવ સંસાધન વિકાસના ૨૪ જુલાઈના નોટિફિકેશન પ્રમાણે સરકારે આ બધી બાબતોની વિચારણા કરવા ૬ સભ્યોની એક સમિતિની રચના કરી છે. ડૉ. અરૂણ નિગળેકર એ સમિતિના ચૅરમેનપદે રહેશે.

મુંબઈ યુનિવર્સિટીના રાજ્યશાસ્ત્રના અધ્યાપક ઉત્તરા સહસ્ત્રબુદ્ધે આ આખી બાબત પ્રત્યે અત્યંત નારાજ છે અને એમણે જ પરિસંવાદોને મશ્કરી સમાન ગણાવ્યા છે. અધ્યાપક પરિસંવાદમાં હાજર જ ન હોય અને એના મળતિયાઓ એના નામનું પ્રમાણપત્ર તૈયાર કરી એને પહોંચાડી પણ દે. હવે, આમાં સંશોધન ક્યાં આવ્યું ? આયોજકો ને આયોજનના નામે સંખ્યા ભેગી કરવામાં અને એ દ્વારા થતી નોંધણી ફીની રકમમાં જ રસ હોય છે. એમને સંશોધનપત્રની રજૂઆતમાં ભાગ્યે જ રસ હોય છે. માનો કે અધ્યાપકોને સંશોધનપત્ર રજૂ કરવાની તક આપવામાં આવે તો પણ કેટલો સમય ફાળવવામાં આવે છે ? ત્રણ મિનિટ. આયોજક વધારે ઉદાર હોય તો પાંચ મિનિટ. આ આખી પ્રક્રિયામાં મહેનતથી સંશોધનપત્ર તૈયાર કરનાર અધ્યાપકની હાલત કફોડી થતી હોય છે. એક તો એને સંશોધનપત્ર રજૂ કરવાની તક જ મળતી નથી અને મળે છે તો માત્ર ટૂંકસારની રજૂઆતથી એણે સંતોષ માનવો પડે છે. ચાલો, આટલું થાય તો પણ એક તબક્કે વાંધો લેવાનું બંધ કરીએ. પણ સંશોધનપત્રની રજૂઆત જ ન થાય, અધ્યાપક પરિસંવાદમાં હાજર જ ન હોય અને માત્ર નોંધણી ફી આપવાથી એને સંશોધનપત્ર રજૂ કર્યાનું પ્રમાણપત્ર મળે ત્યારે એ વિદ્યાજગતની અવદશા પ્રગટ કરે છે.

સંશોધનના ઉત્તેજનનો અવળો અર્થ ચોરીચપાટી પણ થયો છે. અહીંથી તહીંથી ભેગું કરીને બે-પાંચ મિનિટ આમતેમ બકી આવ્યા એટલે સંશોધનપત્ર રજૂ થઈ ગયું ને પ્રમાણપત્ર પણ મળી ગયું ! જો આ જ સ્થિતિ આખા દેશની હોય ત્યારે યુજીસી ગંભીરપણે એના વિશે વિચારે એ આવશ્યક છે. સંશોધનમાં જેને ખરેખર રસ છે, પરિસંવાદમાં જિજ્ઞાસુ તરીકે ભાગ લે છે એવા અધ્યાપકોને એપીઆઈ હોય કે ન હોય, ક્યાં કોઈ ફરક પડે છે ? એમની સંશોધનપ્રવૃત્તિ એપીઆઈની મોહતાજ નથી.

विश्वविद्यालय अनुदान आयोग
UNIVERSITY GRANTS COMMISSION